Publication: Western Time

# મુંબઈ ખાતે મેકરમેલા ૧૩ જાન્યુ. એ યોજાશે

**અમદાવાદ,** ભારતમાં પાયાની નવિનતા માટેની ઈવેન્ટ મેકરમેલા એ અમદાવાદમાં તેના ૨૦૧૭ માટેના પ્રવેશની જાહેરાત કરી. આ ઈવેન્ટ ૧૩-૧૫ જાન્યુઆરી દરમિયાન મુંબઈ ખાતે યોજાશે. મેકરમેલા સોમૈયા વિદ્યાવિહારની પહેલ છે અને આરઆઈઆઈડીએલ દ્વારા આયોજીત કરવામાં આવે છે. આ આર્ટસ, હસ્તકલા, એન્જીનીયરીંગ અને ડુઈટયોરસેલ્ફ (ડીઆઈવાય) ની સમૂહ ઉજવણી છે. જીવનના કાચા, અનન્ય અને બિનપરંપરાગત વિચારોને વિવિધ શ્રેણીમાં લાવવા માટેનું પ્લેટફોર્મ છે. સમગ્ર ભારત અને વિદેશમાંથી ૨૦૦થી વધારે મેકર્સ આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે અને અંદાજે ૫૦,૦૦૦થી વધારે મુલાકાતીઓ આ ઈવેન્ટમાં હાજરી આપશે. જે મેકર્સ પસંદ કરવામાં આવશે તેમને રોકાણકારો સાથે પોતાના વિચારો સમજાવી ભંડોળ એકત્રિત કરવાની કર આપવામાં આવશે અને વૈશ્વિક અગ્રણીઓ પાસેથી માર્ગદર્શન મેળવી શકાશે. વધુ અગત્યનું, પસંદ કરેલ મેકર્સને દેશભરમાંથી આવેલ ઉત્પાદક અને મુલાકાતીઓ સામે પોતાના વિચારો રજૂ કરવાની તક મળશે. આજના ડીઆઈવાય એ આવતીકાલના મેડ ઈન ઈન્ડિયા છે ના સૂત્ર સાથે મેકરમેલામાં વિવિધ ક્ષેત્રોમાંથી સહભાગીઓ આવશે. જેવા કે ૩ડી પ્રિન્ટીગ, પૌષ્ટીક ખોરાક, સોફટવેર એપ્લિકેશન, ટેક હાર્ડવેર પ્રોટોટાઈપ્સ અને ઉત્પાદન વિચારો; એક વ્યાપાર યોજના સાથેની ગૃહિણી એક વિચાર સાથેનો યુવાન; તકનિક તંત્રવાદીથી ઉદ્યોગ સાહસિક, ચર્ચા અનિવાર્ય છે.

Date:
30/11/2016
Page:07